# પ્રસાર ભારતી
## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : ૨૨-૦૬-૨૦૧૮ સવારે : ૭.૦૫ થી ૭.૧૫

★ આજથી બે દિવસ માટે રાજ્યવ્યાપી શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓમાં શાળાપ્રવેશોત્સવનો આરંભ થશે.

★ એક્સસર્વિસમેનને અપાતી હેલ્થ પરમિટ માટે અગાઉની કાર્યપદ્ધતિને અનુસરવામાં આવશે. જ્યારે અન્ય કિસ્સામાં નિયમ પ્રક્રિયામાં સુધારણા કરી પરમિટ અપાશે.

★ પોતાના એટીએમમાં સુરક્ષાની કડક વ્યવસ્થા ગોઠવવા તમામ બેન્કોને નિર્દેશ આપતી રિઝર્વ બેન્ક.

★ રાજ્ય સરકાર લઘુ અને મધ્યમ ક્ષેત્રના ઉદ્યોગકારોને મહત્તમ સહાય આપવાં કટિબદ્ધ.

★ ચોથા વિશ્વ યોગ દિનની રાજ્યભરમાં શાનદાર ઉજવણી કરવામાં આવી. ૩૩ જિલ્લાઓમાં ૪૮ હજારથી વધુ સ્થળો પર યોગના કાર્યક્રમો યોજાયા.

મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં આજથી બે દિવસ માટે રાજ્યવ્યાપી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ૧૬મી કડીનો શહેરી વિસ્તારોમાં આરંભ થશે. આ વર્ષનો શહેરી ક્ષેત્રનો પ્રવેશોત્સવ ૧૨૭૭ પ્રાથમિક અને ૧૫૫૦ માધ્યમિક શાળાઓમાં યોજાશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલ મહેસાણા જિલ્લામાં આ શિક્ષણ સેવા અભિયાનનું નેતૃત્વ કરશે. રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ તેમજ બોર્ડ નિગમના પદાધિકારીઓ સહિત ૧૧૫ સેવા કર્મીઓ આ શિક્ષણ સંસ્કાર યજ્ઞમાં જોડાશે.

અત્રે નોંધનીય છે કે, ગ્રામીણ વિસ્તારના શાળા પ્રવેશોત્સવમાં ધોરણ-૧ માં સાડા ચાર લાખથી વધારે, ધોરણ-૯માં પોણા ચાર લાખ- આંગણવાડીમાં લગભગ સવા બે લાખ નામાંકન થયા છે.

આ પ્રવેશોત્સવની સફળતાને પગલે રાજ્યમાં પ્રાથમિક શાળાઓનો નામાંકન દર ૯૯.૧૫ ટકા જેટલો ઉંચો લઈ જવાયો છે. પરંતુ ધોરણ-૮ પછી ધોરણ-૯માં પ્રવેશતા બાળકોના સ્થાનાંતર દરમાં ઘટાડો જોવા મળતા રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૬થી પ્રાથમિક શાળાઓની સાથે માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશતા બાળકો માટે પ્રવેશોત્સવ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો તેજ પ્રમાણે માધ્યમિક શાળાના ટ્રાન્ઝિશન રેટને ૧૦૦ ટકા સુધી લઈ જવા રાજ્ય સરકારે માધ્યમિક શાળાઓમાં પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો છે.

પ્રાથમિકમાં નામાંકનના સારા પરિણામને કારણે સમયાંતરે આંગણવાડીમાં પ્રવેશ મેળવતા બાળકોને પણ પ્રાથમિક શાળામાં લાવીને પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સાંકળવામાં આવ્યા છે. આ સફળતાને પગલે વર્ષ-૨૦૧૫-૧૬થી પ્રાથમિક શાળાઓની સાથે માધ્યમિક શાળાઓમાં ધોરણ-૮ થી ધોરણ-૯માં પ્રવેશ મેળવતા બાળકો માટે પ્રવેશોત્સવની શરૂઆત કરવામાં આવી છે. ઉચ્ચ પ્રાથમિકથી માધ્યમિકમાં જતા વિદ્યાર્થીઓનો ટ્રાન્ઝિશન રેટ ૮૭ ટકા જેટલો છે. તેથી વર્ષ-૨૦૧૮થી મુખ્ય કાર્યક્રમ ગ્રાન્ટ ઈન એઈડ કે સરકારી માધ્યમિક શાળામાં કરવાનું નક્કી કરાયું છે. જેથી માધ્યમિક વિભાગનો ટ્રાન્ઝિશન રેટમાં સુધારો કરી શકાય.

.................

એક્સ સર્વિસમેનને અપાતી હેલ્થ પરમીટ માટે અગાઉની જ કાર્યપદ્ધતિને અનુસરવામાં આવશે. અન્ય કિસ્સામાં નિયમ-પ્રકિયામાં સુધારણા કરી પરમીટ અપાશે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજ્યમાં હેલ્થ પરમીટ ધારકોને દારૂ આપવાની પરમીટ આપવાની નિયમ પ્રક્રિયા સુધારણા હેઠળ છે. પરંતુ એક્સ સર્વિસમેનોને અપાતી હેલ્થ પરમીટ માટે અગાઉની કાર્યપદ્ધતિને અનુસરીને જ પરમીટ આપવામાં આવશે.

મંત્રીશ્રી જાડેજાએ ઉમેર્યુ કે, ગુજરાતમાં પરમીટ ધારકોમાં નિયમ પ્રક્રિયામાં સુધારણા કરી ખરેખર હેલ્થ પરમીટ મેળવવા પાત્ર સિવાયના લોકો હેલ્થ પરમીટ ન અપાય તે હેતુસર આ પ્રક્રિયા સુધારણા હેઠળ છે. નવી પદ્ધતિ અમલમાં ન આવે ત્યાં

સુધી નવી હેલ્થ પરમીટ આપવાની કે રીન્યુ કરવાની કામગીરીને કામચલાઉ ધોરણે સ્થગિત કરાઇ છે. પરંતુ લશ્કરીદળોના નિવૃત સભ્યો (એક્સ સર્વિસમેન)ને અપાતી હેલ્થ પરમીટ અંગે કાયદાકીય હાલની પ્રક્રિયાને પુનઃસ્થાપિત કરવામાં આવે છે. હવેથી આ હેલ્થ પરમીટ અગાઉની કાર્યપદ્ધતિ મુજબ નવી કે રીન્યુ કરાશે.

..................

ભારતી રીઝર્વ બેન્કે તમામ બેંકોને કહ્યું છે કે, તેઓ પોતાના એટીએમ મશીનોમાં સુરક્ષાની કડક વ્યવસ્થા ગોઠવે નહીંતર તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. રીઝર્વ બેન્કે આ કાર્ય માટે સમય મર્યાદા નક્કી કરી છે અને એટીએમ મશીનોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવાની દિશામાં થઈ રહેલી ધીમી પ્રગતિને ગંભીરતાથી લીધી છે. એટીએમ મશીનોના માધ્યમથી છેતરપિંડીની વધતી જતી ઘટનાઓને જોતાં સુરક્ષા વ્યવસ્થાના નવાં નિર્દેશ બહાર પાડવામાં આવ્યાં છે. રીઝર્વ બેન્કની સમયસીમા અનુસાર બેંકોએ ઓગસ્ટ મહિના સુધીમાં સુરક્ષાના ઉપાયો કરવા પડશે અને તે માટે પોતાના એટીએમ મશીનોમાં ટેકનીકલ ફેરફારો પણ કરવાં પડશે. આ કામ આગામી વર્ષે જૂન મહિના સુધીમાં તબક્કાવાર રીતે પુરું કરવું પડશે. આ વર્ષના ફેબ્રુઆરી મહિના સુધીમાં દેશમાં બે લાખ છ હજાર એટીએમ હતાં. ગઈકાલે રીઝર્વ બેન્ક દ્વારા બહાર પડાયેલ પરીપત્રમાં કહેવાયું છે કે, સુરક્ષા ઉપાયોમાં ઢીલાશથી બેંક ગ્રાહકોના હિત પર પ્રતિકૂળ પ્રભાવ પડી શકે છે અને તેનાથી બેંકોની છબી પણ બગડે છે. બેંકોને કહેવાયું છે કે, રીઝર્વ બેન્કના પરીપત્ર પર પોતાના નિદેશક બોર્ડની આગામી બેઠકમાં ચર્ચા કરે અને સુરક્ષા ઉપાયોની કાર્ય યોજના તૈયાર કરી જુલાઈ માસ સુધીમાં રીઝર્વ બેન્કને જાણ કરવાનું કહેવાયું છે.

..................

એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગકારોને મહત્તમ સહાય આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. એમ.એસ.એમ.ઇ. કમિશનરની કચેરી ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે કે, રાજ્ય સરકાર અનુસૂચિત જાતિ અને જનજાતિના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના(એમ.એસ.એમ.ઇ.) ઉદ્યોગકારોને વિવિધ યોજના હેઠળ સહાય આપીને આર્થિક રીતે વધુ પગભર બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

અનુસૂચિત જાતિ-જનજાતિના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગકારોને મહત્તમ રૂ.૫૦ લાખ સુધીની સહાય કરવામાં આવશે.

..................

ચોથા વિશ્વ યોગદિનની ગુજરાતમાં શાનદાર ઉજવણી થઈ છે. રાજ્યભરના ૩૩ જિલ્લામાં ૪૮ હજારથી વધુ સ્થળો પર ૧.૨૪ કરોડથી વધુ નાગરિકો સ્વયંભૂ જોડાઈને યોગ કર્યા હતા. રાજ્યકક્ષાનો સમારોહ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં યોજાયો હતો જેમાં વિશાળ સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૪૮,૬૨૯ જેટલા જાહેર સ્થળોએ યોગના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ૧,૨૪,૪૯,૪૩૩ થી વધુ નાગરિકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં ૪૫,૨૯૭ માસ્ટર્સ ટ્રેનર્સ, ૫૧,૭૮૦ કો ઓર્ડિનેટર્સે યોગ નિદર્શનની શ્રેષ્ઠ સેવાઓ આપી હતી. રાજ્યમાં યોજાયેલ કાર્યક્રમોમાં ૭૨,૭૬,૯૬૫ પુરુષો, ૫૧,૭૨,૪૬૮ મહિલાઓ, ૧૯,૧૪,૪૩૬ બાળકો, ૨૧૭૦ સગર્ભા મહિલાઓ, ૫૦૫૧૦ જેટલા દિવ્યાંગો જોડાયા હતા.

જેમાં અમદાવાદ જિલ્લામાં ૮,૬૪,૮૦૪, ગાંધીનગરમાં ૪,૨૭,૧૬૪, રાજકોટમાં ૫,૩૯,૦૦૩, સુરતમાં ૧,૫૧,૦૨૯૮, વડોદરામાં ૬,૯૯,૭૫૨ નાગરિકોએ સ્વયંભૂ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો તેમ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

..................

ગુજરાત કાર્ડ યોજના અંતર્ગત બિનનિવાસી ગુજરાતીઓ ઓનલાઈન અરજી કરી ગુજરાત કાર્ડ મેળવી શકશે.

ડિજીટલ ગુજરાતના નિર્માણ ક્ષેત્રે ગુજરાતે અનેકવિધ નવતર કદમ ઉઠાવ્યા છે. તેમાં બિન-નિવાસી વિભાગ શરૂ કરવામાં આવ્યો છે.

બિનનિવાસી વિભાગમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ માહિતી આપી કે, બિનનિવાસી પ્રતિષ્ઠાન દ્વારા લગભગ ૨૧ હજાર ગુજરાત કાર્ડ જારી કરવામાં આવ્યા છે. બિનનિવાસી ગુજરાતીઓ, ૬૧૨ જેટલી સંસ્થાઓમાં ગુજરાત કાર્ડ થકી નક્કી થયેલ વળતર મેળવી શકશે.

..................

કચ્છમાં પ્રાણી સંરક્ષણ અભ્યારણમાં આપેલ ૬૮૦ એકર મીઠાની લીઝ રદ કરાઈ.

અમારા કચ્છ જિલ્લાના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં આપેલ કડોલ અને ભરડીયા ગામનાં સીમાડે રણ વિસ્તારમાં આવેલ મીઠું પકવાવા હેતુસર ત્રણ દાયકા પહેલા ફાળવવામાં આવેલી જમીનમાં પ્લોટોની લીઝ રદ કરતો હુકમ કચ્છના કલેક્ટર રેમ્પા મોહને કર્યો હતો.

કચ્છ વન્ય પ્રાણી અભ્યારણ્ય વિસ્તારમાં ભૂતકાળમાં વન તંત્ર અને પ્રાંત અધિકારીએ ભાડા પેટેથી આવેલી અનેક ખાતેદારોની જમીન સરકાર હસ્તક લઈ લેવાનો ચુકાદો આપ્યો હતો.

કચ્છ કલેક્ટરના ચુકાદા પાછળ કચ્છ ઉંટ ઉછેર માલધારી સંગઠન અને બીજી સ્વૈચ્છિક સંસ્થઓએ સરકારમાં કરેલી રજૂઆત તેમજ જાગૃતિ નાગરિકો દ્વારા પણ વારંવાર કરાયેલ રજૂઆત રંગ લાવી હતી.

..................